# ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોની વ્યાવસાયિક અભિયોગ્યતા

ડૉ. સેજલ ત્રિવેદી
આસિસ્ટટ પ્રોફેસર,
જે.જી. કોલેજ ઑફ ઍજ્યુકેશન ફોર વુમેન, (પી. જી.) અમદાવાદ

## ૧. પ્રસ્તાવના

પ્રસ્તુત સંશોધનમાં સમગ્ર સંશોધનના મહત્ત્વનાં પાસાંઓ અને સંશોધનનો નિષ્કર્ષ ટૂંકમાં રજૂ કરવામાં આવ્યો છે. અભ્યાસકે પ્રસ્તુત સંશોધનમાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓની શિક્ષકોની વ્યાવસાયિક અભિયોગ્યતા ચકાસવાનો પ્રયત્ન કર્યો હતો.

## ૨. હેતુઓ

૧. અમદાવાદ શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોની વ્યાવસાયિક અભિયોગ્યતાનો અભ્યાસ કરવો.
૨. અમદાવાદ શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોની વ્યાવસાયિક અભિયોગ્યતાની કક્ષા નક્કી કરવી.
૩. અમદાવાદ શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોની વ્યાવસાયિક અભિયોગ્યતાનો વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

## ૩. ઉત્કલ્પનાઓ

**Ho1** ઉચ્ચતર માધ્યમિક શાળાના કોટ અને પૂર્વ વિસ્તારના શિક્ષકોની વ્યાવસાયિક અભિયોગ્યતા કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**Ho2** ઉચ્ચતર માધ્યમિક શાળાના પૂર્વ વિસ્તારની સ્ત્રીઓ અને પુરુષોની વ્યાવસાયિક અભિયોગ્યતા કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

## ૪. વ્યાપવિશ્વ

પ્રસ્તુત અભ્યાસ માટે અમદાવાદ શહેરના પૂર્વ, પશ્ચિમ અને કોટ વિસ્તારના ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી.

## ૫. નિદર્શ

પ્રસ્તુત અભ્યાસ માટે અમદાવાદ શહેરના વિસ્તારોને ત્રણ સ્તરમાં વિભાજિત કર્યા હતા. જેમાં પૂર્વ, પશ્ચિમ અને કોટ વિસ્તારની શાળાઓને યાદચ્છિક રીતે પસંદગી કરવામાં આવી હતી. પસંદ કરેલ શાળાઓમાંથી ૧૨૦ શિક્ષકોને પસંદ કરવામાં આવ્યા હતા. આમ, આ અભ્યાસમાં સ્તરીકૃત યાદચ્છિક નમૂના પસંદગીની રીતનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## ૬. ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિક અભિયોગ્યતા અંગે માહિતી પ્રાપ્ત કરવા માટે સંશોધકે સોનલ બ્રહ્મભટ્ટ રચતિ વ્યાવસાયિક અભિયોગ્યતા કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## ૭. સંશોધન પદ્ધતિ

અભ્યાસના હેતુને ધ્યાનમાં રાખીને વિવિધ ચલોની અસર તપાસવા સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

૮. અભ્યાસ હેઠળનાં ચલો

પ્રસ્તુત અભ્યાસમાં સ્વતંત્ર ચલ તરીકે જાતિ, વિસ્તાર લીધેલા હતા. જેમાં જાતિની બે કક્ષાઓ સ્ત્રીઓ અને પુરુષો. વિસ્તારની ત્રણ કક્ષાઓ પૂર્વ, પશ્ચિમ અને કોટ લીધેલ હતા. જ્યારે પરતંત્ર ચલ તરીકે વ્યાવસાયિક અભિયોગ્યતા હતી.

૯. માહિતી એકત્રીકરણ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે અમદાવાદ શહેરના પૂર્વ, પશ્ચિમ અને કોટ વિસ્તારની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોની રૂબરૂ મુલાકાત લઈ શિક્ષકોને વ્યાવસાયિક અભિયોગ્યતા કસોટી આપી અને તેમના પ્રતિચારો લેખિત સ્વરૂપમાં મેળવી કસોટી પરત લેવામાં આવી હતી.

૧૦. માહિતીનું વિશ્લેષણ

પ્રસ્તુત સંશોધનમાં વિશ્લેષણ માટે વ્યાવસાયિક અભિયોગ્યતા કસોટીમાં પ્રાપ્ત થયેલા પ્રાપ્તાંકોના આધારે વ્યાવસાયિક અભિયોગ્યતાની કક્ષા નક્કી કરવામાં આવી હતી તથા સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરીનો તફાવત, પ્રમાણભૂલ અને ટી-મૂલ્ય શોધવામાં આવ્યા હતા. ટી-મૂલ્યને સારણીયન મૂલ્ય સાથે સરખાવી ચકાસણી કરવામાં આવી હતી. તેમજ તેના આધારે અર્થઘટન કરવામાં આવ્યું હતું.

સારણી-૧ કોટ અને પૂર્વ વિસ્તારના શિક્ષકોની વ્યાવસાયિક અભિયોગ્યતા કસોટીના પ્રાપ્ત પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચરણ, પ્રમાણભૂલ અને ક્રાંતિક ગુણોત્તર

| વિસ્તાર | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચરણ | પ્રમાણભૂલ | સરાસરીનો તફાવત | ક્રાંતિક ગુણોત્તર | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| કોટ | ૪૦ | ૫૪.૩૩ | ૬૪.૯૪ | ૧.૭૮ | ૧.૮૫ | ૧.૦૪ | N.S. |
| પૂર્વ | ૪૦ | ૫૨.૪૮ | ૬૨.૧૫ | | | | |

df = (n1 + n2) -૨ સારણીયન મૂલ્ય
= ૪૦ + ૪૦ - ૨     * ૦.૦૫ કક્ષાએ ટી-કસોટીનું સારણીયન મૂલ્ય = ૧.૯૯
= ૭૮     ** ૦.૦૧ કક્ષાએ ટી-કસોટીનું સારણીયન મૂલ્ય = ૨.૬૪

સારણી: ૧ પરથી કોટ અને પૂર્વ વિસ્તારના શિક્ષકોના પ્રાપ્તાંકોના અવલોકિત t-મૂલ્ય ૧.૦૪ મળે છે. જે સાર્થકતા કક્ષા ૦.૦૫ ના સારણીયન મૂલ્ય ૧.૯૯ કરતાં ઓછું મળે છે. તેથી શૂન્ય ઉત્કલ્પના $Ho_1$નો ૦.૦૫ કક્ષાએ અસ્વીકાર થતો નથી. આ પરથી કહી શકાય કે કોટ અને પૂર્વ વિસ્તારના શિક્ષકોની વ્યાવસાયિક અભિયોગ્યતા કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી. મધ્યકમાં જોવા મળતો તફાવત આકસ્મિક છે.

સારણી-૨પૂર્વ વિસ્તારની સ્ત્રીઓ અને પુરુષોનો વ્યાવસાયિક અભિયોગ્યતા કસોટીના પ્રાપ્ત પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચરણ, પ્રમાણભૂલ અને ક્રાંતિક ગુણોત્તર

| વિસ્તાર/જાતિ | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચરણ | પ્રમાણભૂલ | સરાસરીનો તફાવત | ક્રાંતિક ગુણોત્તર | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| પૂર્વ વિસ્તારની સ્ત્રીઓ | ૨૦ | ૫૧.૯૦ | ૬૪.૫૨ | ૨.૫૨ | ૧.૧૫ | ૦.૪૬ | N.S. |
| પૂર્વ વિસ્તારના પુરુષો | ૨૦ | ૫૩.૦૫ | ૬૨.૩૭ | | | | |

df = (n1 + n2) -૨ સારણીયન મૂલ્ય
= ૨૦ + ૨૦ - ૨     * ૦.૦૫ કક્ષાએ ટી-કસોટીનું સારણીયન મૂલ્ય = ૧.૯૯
= ૩૮     ** ૦.૦૧ કક્ષાએ ટી-કસોટીનું સારણીયન મૂલ્ય = ૨.૬૪

સારણી: ૨ પરથી પૂર્વ વિસ્તારની સ્ત્રીઓ અને પૂર્વ વિસ્તારના પુરુષોના પ્રાપ્તાંકોના અવલોકિત t-મૂલ્ય ૦.૪૬ મળે છે. જે સાર્થકતા કક્ષા ૦.૦૫ ના સારણીયન મૂલ્ય ૧.૯૯ કરતાં ઓછું મળે છે. તેથી શૂન્ય ઉત્કલ્પના $Ho_1$નો ૦.૦૫ કક્ષાએ

અસ્વીકાર થતો નથી. આ પરથી કહી શકાય કે પૂર્વ વિસ્તારની સ્ત્રીઓ અને પૂર્વ વિસ્તારના પુરુષોની વ્યાવસાયિક અભિયોગ્યતા કસોટીમાં મેળવેલ પ્રાપ્તાંકોની  સરાસરી વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી. મધ્યકમાં જોવા મળતો તફાવત આકસ્મિક છે.

૧૧. સંશોધનનાં તારણો

પ્રસ્તુત સંશોધનને આધારે નીચે મુજબના તારણો તારવવામાં આવ્યાં હતાં.

૧. કોટ અને પૂર્વ વિસ્તારના શિક્ષકોની વ્યાવસાયિક અભિયોગ્યતામાં કોઈ તફાવત જોવા મળતો નથી.
૨. પૂર્વ વિસ્તારની સ્ત્રીઓ અને પુરુષોની વ્યાવસાયિક અભિયોગ્યતામાં કોઈ તફાવત જોવા મળતો નથી.

૧૨. સંશોધનના શૈક્ષણિક ફલિતાર્થો

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે કેટલાક સામાન્ય સૂચનો તારવેલ છે. જે નીચે પ્રમાણે છે.

૧. શિક્ષકોએ પોતાની વ્યાવસાયિક અભિયોગ્યતાનો વિકાસ કરવા માટે શિક્ષકની યોગ્ય તાલીમ પ્રાપ્ત કરવી જોઈએ.
૨. પોતાની બુદ્ધિમતામાં વધારા કરવા માટે પુસ્તકોનું વાંચન અને જનરલ નૉલેજનું પણ જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ.
૩. શિક્ષકોએ પોતાના વિષયોનું વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે તેના વિશે માહિતી પ્રાપ્ત કરવી જોઈએ.
૪. આચાર્યોએ શિક્ષકોના શિક્ષણ પ્રત્યેના ઉત્સાહને પ્રોત્સાહન આપવું જોઈએ.
૫. શિક્ષકોએ આદર્શ વ્યક્તિત્ત્વ ધરાવતા એવા મહાન શિક્ષકોનાં સારા પાસાંઓનું અનુસરણ કરવું જોઈએ.
૬. શિક્ષકને લગતા વ્યવસાયની બધી માહિતી પ્રાપ્ત કરવી જોઈએ.
૭. શિક્ષકોએ પોતાનું આદર્શ વ્યક્તિત્વ અને ચારિત્ર ઘડવાનો પ્રયત્ન કરવો જોઈએ.

૧૩. ઉપસંહાર

પ્રસ્તુત સંશોધનમાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોની વ્યાવસાયિક અભિયોગ્યતા જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ સંશોધનનો ઉપયોગ શાળાના શિક્ષકો પોતાની વ્યાવસાયિક અભિયોગ્યતા જાણીને તે વધારવા માટે કરી શકશે. શિક્ષકો પોતાની વ્યાવસાયિક અભિયોગ્યતા જાણી પોતાના વ્યવસાયમાં ઉચ્ચતમ ધ્યેયો હાંસલ કરી શકશે. પોતાના વ્યવસાયમાં યોગ્ય સફળતા પ્રાપ્ત કરી શકશે. શિક્ષકો પોતાના વ્યવસાય પ્રત્યે સભાન બનશે તો તેનો લાભ વિદ્યાર્થીઓને જ મળશે. આમ, પ્રસ્તુત સંશોધન શિક્ષકો, વિદ્યાર્થીઓ અને સમાજને ઉપયોગી નીવડશે તેવી આશા છે.

સંદર્ભસૂચિ

૧. ઉચાટ,ડી.એ. (૨૦૦૯). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર, રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
૨. દેસાઇ, હરિપ્રસાદ જી. અને દેસાઈ, કૃષ્ણકાંત જી. (૧૯૯૨). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ, અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.
૩. દેસાઇ,કે.જી. અને દેસાઇ, એચ.જી. (૧૯૭૭). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ, અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.
૪. પટેલ, એ. એમ.(૧૮૮૮). પ્રાયોગિક પાઠો અને સુપ્રત કાર્યોની સફળતાની ચાવી, વિદ્યાનગર : સરદાર વલ્લભભાઈ પટેલ યુનિવર્સિટી પ્રકાશન લિ.
૫. પંચોલી, જે. એસ. (૨૦૦૮). શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન (પ્રથમ આવૃત્તિ), અક્ષર પબ્લિકેશન.
૬. મોલિયા, એમ.એસ. (૨૦૦૩). વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ, રાજકોટ : અર્થ ગ્રાફિક્સ.
૭. યાજ્ઞિક, એલ. આર. (૨૦૦૫). સંશોધન પદ્ધતિ, અમદાવાદ : અક્ષર પબ્લિકેશન.